દિવાન બહાદુર
કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
તરફથી ભેટ. મુંબઇ ૧૯૫૭

૧૭/૧

# કહેવત સંગ્રહ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા
૩૬૫, વી. પી. રોડ
મુંબઇ-૪

શ્રી ફાર્બસ ગુજરાતી સભા
૧૯૮૪૧
મુંબઇ-૪.

૩૯૮.૯/૨૮
અધિક્રા
૧૯૮૪૧

૬૬

# કહેવત સંગ્રહ

સંપ ત્યાં જંપ.
અન્ન તેવો ઓડકાર.
અડસઠ ભેગું ખડસઠ.
અપવાસીને ઘેર ઢોકળાં.
આદાની સૂંઠ.
એકડા વગરનાં મીંડાં.
ભલાનું ભલું થાય.
કાગડાની કોટે રતન.
ગધેડા ઉપર અંબાડી.
ગરીબનો બેલી પરમેશ્વર.

અધૂરો ઘડો છલકાય.

એકાદશીને ઘેર શિવરાત્રિ.

ઘેલી સૌ પહેલી.

વાંસ નળીમાં ફૂંક.

થુવરે ( થોર ઉપર ) કેળાં.

આંબલીએ આંબા.

રાંકને ઘેર રતન.

છાની છરી છેતરે.

ધૂમાડાના બાચકા.

પાણીમાં લીંટા.

ઝાંઝવાનાં જળ.

પાણીની ગાંસડી બાંધવી.

હાથે તે સાથે.

પાણીમાં માછલું તરસ્યું.

દેવ ત્યાં જાત્રા.

માથા સાટે માલ.

ખમે તે જમે.

હસવામાંથી ખસવું.

ઘા ઉપર લૂણ.

ધાર્યું ધણીનું થાય.

કરવું તેવું પામવું.

ઉકરડે રતન.

ઘા ભેગા જીવડા.

આપે તેને રામ.

રજનું ગજ.

કાગનો વાઘ.

પીંછનો કાગ.

દુનિયા આંધળી નથી.

દે હાળમાં પાણી.

દુઃખનું ઓસડ દહાડા.

પહેલો સગો પાડોશી.

પૂછતા નર પંડિત.

પેટ કરાવે વેઠ.

પોથીમાંનાં રીંગણાં.

બહુ તાંતણુ બળિયું.

બળતામાં ઘી.

બળિયાના બે ભાગ.

ભૂંડામાં ભૂંડી ચાકરી.

માથું આપે તે મિત્ર.

મારે તેની તરવાર.

લક્ષ્મી દાને શોભે.

લક્ષ્મી વિનાનો લપોડ.

લાખની પાણ.

વિવાહનાં ગીત વિવાહમાં જ.

શીરા સારૂ શ્રાવક.

શેરને માથે સવાશેર.

સાચને આંચ નહિ.

સાઠી બુદ્ધિ નાઠી.

સાદા રાયજાદા.

સૂડી વચ્ચે સોપારી.

સોનું ને સુગંધ.

સોય પાછળ દોરો.

ઘોડી પાછળ વછેરૂં.

ઊંટનાં અઢારે વાંકાં.

છછુંદરનાં છએ સરખાં.

જળ તેવા મચ્છર.

જાગ્યા ત્યાંથી સવાર.

ઋણ નહિ તે રાજા.

દેશ તેવો વેશ.

જેસેકું તેસા મિલા.

ડરે ડરે મીર.

તરમાં તર ભણતર.

તીર્થે સૌ મૂંડાય.

દીવા પાછળ અંધારું.

એક પંથ ને દો કાજ.

એક મ્યાનમાં બે તરવાર.

ગરીબના નિસાસા નખોદ વાળે.

ડૂબતો નર તરણું ઝાલે.

તાજો માલ તુરત ખપે.

તાજે ઘાએ મલમપટ્ટો.

તરત દાન મહા પૂન.

ધરમ કરતાં ધાડ થઈ.

ધારવું મનુષ્યનું, કરવું હરિનું.

ધંધો કરે તો ધાન્ય મળે.

નહિ કરવાનાં હજાર બહાનાં.

ઝીણો તો પણ રાઇનો દાણો.

નાચવું નહિ ત્યારે આંગણું વાંકું.

મારવો ઉંદર ને ખોદવો ડુંગર.

મૂકીએ ખસતું તો આવે હસતું.

યથા રાજા તથા પ્રજા.

રાજા દાને પ્રજા સ્નાને.

રાત થોડી ને વેશ ઝાઝા.

ગરીબને ઝૂંપડું ને રાજાને મહેલ.

રાવણને લંકા ને બ્રાહ્મણને વાછડી.

રોતો જાય તે મુવાના ખબર લાવે.

લેનેકું લક્કડ દેનેકું પત્થર.

વહેલો તે પહેલો, ભૂલે તે ઘેલો.

સાપ ગયા અને લિસોટા રહ્યા.

સાપનો કરડ્યો સીંદરીથી બ્હીએ.

સો જોશી ને એક ડોશી.

હૈયે હોય તે હોઠે આવે.

ઘરડી ઘોડી ને લાલ લગામ.

ડાહ્યા ભૂલે ત્યારે ભીંત ભૂલે.

બાપની દોલત ઉપર તાગડધિન્ના.

કડવું ઓસડ મા પાય.

મુઇ ભેંશના મોટા ડોળા.

વા જોઈ વહાણ હંકારવું.

એક હાથે તાળી પડે નહિ.

૬૬

ટાણે થાય તે નાણે ન થાય.

ગાંડાને ગામ, ડાહ્યાને ડામ.

નમે તેને સૌ દમે.

ચડ રોટી પડ પેટમાં.

કાગનું બેસવું ને તાડનું પડવું.

લાગ્યું તો તીર નહિતર તુક્કો.

તેલનું ટીપું ને હીરની ગાંઠ.

ખુશીનો સોદો તે હાથીનો હોદો.

તળ્યું ને તાવ્યું, વૈકુંઠથી આવ્યું.

સોનીના સો ને લુહારનો એક.

હાથીને હૈયાસમું ને ગધેડાને ગળાબોળ.

આવ્યા મળવા કે બેસો દળવા.

ફરે તે ચરે બાંધ્યો ભૂખે મરે.

જ્યારે વળે પરસેવો ત્યારે મળે મેવો.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા. મુંબઈ-૪.
૧૯૮૪૭



સાત સાંધે ત્યાં તેર તૂટે.

ચામડી તૂટે પણ દમડી ન છૂટે.

માગી અક્કલ ને દીધી શિખામણ.

દુખતે ઠેશ ને દૂબળે વેઠ.

ઢમઢોલ માંહી પોલ.

ભરમ ભારી ને ખિસ્સાં ખાલી.

આપ ભલા તો જગ ભલા.

કર્યું તે કામ ને વીંધ્યું તે મોતી.

જે છાજે તે છાજે,
કંઈ ગધેડા પર નોબત બાજે ?

અબી બોલ્યા ને અબી ફોક.

આગળ દોડ ને પાછળ છોડ.

આભ ફાટયું ત્યાં થીગડું કયાં દેવું ?

ઊલમાંથી નીકળીને ચૂલમાં પડી.

કૂવામાં હોય તો હવાડામાં આવે.

કેળામાં ખાંડ ને મૂળામાં મીઠું.

ખાતાં ખૂટે ને પહેરતાં ફાટે.

ખાવાના સાંસા ત્યાં પરોણાના વાસા.

ઊંઘતો બોલે પણ જાગતો ન બોલે.

ખાળે ડાટા ને બારણાં ઉઘાડાં.

ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગ.

ચડે દરબાર કે જાય ઘરબાર.

ઠામ જાય ત્યારે ઠીકરૂં આવે.

ડુંગર વિયાણો ને ઉંદર નીકળ્યો.

દાઢીની દાઢી ને સાવરણીની સાવરણી.

દિવાસો, સો પર્વનો વાસો.

દીવાળીનું દારૂખાનું, પૈસામાં પલીતો.

દેવળનો ઘંટ, જે આવે તે વગાડે.

વેળુ પીલે તેલ ન નીકળે.

પાણી વલોવે માખણ ન નીકળે.

પેટનો બળ્યો ગામ બાળે.

પોતાનું રાખે ને પારકું તાકે.

બચકારે આવે ને ડચકારે જાય.

બહોત ગઈ ને થોડી રહી.

બેની લડાઈમાં ત્રીજો ફાવે.

ભાવતું હતું ને વૈદે કહ્યું.

મન ચંગા તો કાથરોટમાં ગંગા.

મોઢું વાઘનું ને વાંસો ગધેડાનો.

સીંદરી બળે પણ વળ મૂકે નહિ.

હાથે કરીને હોળી રમ્યા.

આ પાર કે પેલે પાર.

માથું કાપે તે માલ કાઢે.

આંગળી કાપે તે લોહી કાઢે.

પારકી આશ સદા નિરાશ.

ગરથ ગાંઠે વિદ્યા પાઠે.

ચતુરના ઘરમાં એંઠી કડછી.

બહુ ફૂલ્યા તે વહેલા ડૂલ્યા.

વરને વખાણે વરની મા.

મનમાં હાંસુ ને આંખમાં આંસુ.

બેહું ખાય તે એહું ખાય.

મીઠાબોલા લોક ને કડવાબોલી મા.

જીવતા લાખના, મુવા સવા લાખના.

મીયાં પડ્યા પણ ટંગડી ઉંચી.

મીઠા ઝાડનાં મૂળ સૌ ખોદે.

સો કપૂતે બાપ વાંઝિયો.

માળી રૂઠ્યો તો ફૂલ લેશે.

નમે તે પ્રભુને ગમે.

ચોળીને ચીકણું કર્યું.

ઘરડી ગાયને ટોકરો.

લપસ્યા તોએ ગંગામાં.

બધે સરખા બપોર.

રામ રાખે તેને કોણ ચાખે ?

ન્હાયા તેટલું પુણ્ય.

પીલુટાણે ચાંચ પાકી.

સૂરજ કાંઈ છાબડે ઢાંક્યો રહે ?

પેટ ચોળી શૂળ પેદા કર્યું.

સુખે સૂવે જંગલના સાપ.

સુખે સૂવે રાજાનો પૂત.

સુખે સૂવે જોગી અવધુત.

સુખે સૂવે ધરાએલો સિંહ.

સુખે સૂવે જેને શિર લાખ.

દુખતી આંખે ઝોંકો વાગે.

ન બોલ્યામાં નવ ગુણ.

ગાડું દેખી ગુડા ભાંગ્યા.

અજાણ્યો ને આંધળો બરાબર.

એકે હજારાં, સોએ બિચારાં.

થડ વગર ડાળ નહિ.

દુઝણી ભેંશની પાટુ સારી.

નાગાને લૂંટાવાનો શો ભય ?

નદીએ જઇને તરસ્યા આવવું.

બિલ્લી ઘી સૂંઘતી આવે.

ઘર ધરતીનો છેડો છે.

પાઈને માટે મક્કે જાય.

ચોરનો ભાઈ ગઠ્ઠીછોડ.

શેઠની શિખામણ ઝાંપા સુધી.

દુકાળમાં અધિક મહિનો.

દાઝ્યા ઉપર ડામ.

અક્કલ બડી કે ભેંશ ?

થૂંક્યું ગળાય નહિ.

વાર્યા ન વળે તે હાર્યા વળે.

શાક બગડ્યું તેનો દિવસ બગડ્યો.

સત્તા આગળ શાણપણ નહિ.

સમયને માન, પુરુષને નથી.

સૂકા ભેગું લીલું બળે.

સૂતો સાપ જગાડવો નહિ.

સોના કરતાં ઘડામણ મોંઘું.

સૌ ઉગતાને પૂજે.

સંઘર્યો સાપ કામ આવે.

હજી તો શ્રીગણેશાય છે.

પાશેરામાં પહેલી પૂણી.

હવેલી જોઇ ઝૂંપડું પાડવું નહિ.

પાણી પીને પૂછે ઘર.

પીઠી ચોળે વર્ણ ન પાલટે.

પીળું એટલું સોનું નહિ.

પુત્રનાં લક્ષણ પારણામાંથી.

પોચું જાણી સૌ દબાવે.

પંચ કહે તે પરમેશ્વર બોલ્યા.

ફૂલ નહિ તો ફૂલની પાંખડી.

બહુ ચળકે તે તરત ઓલાય.

બહુ હસવું તે રોવાને.

બેઠેલી ડાળ કાપવી નહિ.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ભાજી મૂળા કાંઈ શાકમાં લેખું ?

ભિખારીનાં હાંડલાં શીકે ચડે નહિ.

માગ્યા વગર મા પણ ન પીરસે.

ઉજળે લૂગડે ડાઘ લાગે.

ઉજડ ગામમાં એરડો પ્રધાન.

ઉંદર ઘરઘરના પરોણા.

ઉને પાણીએ ઘર બળે નહિ.

એક કરતાં બીજું થાય.

એક ઘાએ કૂવો ખોદાય નહિ.

એક નકટો સો નકટા કરે.

અંધેકી ગાય ને અલ્લા રખેવાળ.

કટકમાં કાણો ઊંટ બદનામ.

લાડુ ઉપર વાળુ નહિ.

કપાસિયે કોઠો ફાટે નહિ.

કારતક મહિને કણબી ડાહ્યો.

કામળ ભીંજાય તેમ ભારે થાય.

માઠા ખબર વીજળીવેગે જાય.

માણસની પરીક્ષા, પંથે કે પાડોશે.

મારવો તો મીર મારવો.

મફતકા ચંદન, ઘસ બે લાલીયા.

મોરનાં ઇંડાંને ચીતરવાં શું ?

રાઈના પાડ રાતે ગયા.

રોગ ને શત્રુ, ઉગતા છેદવા.

રોગી વૈદ શા કામનો ?

રોયેથી શું દહાડો વળે ?

લૂટાયા તે રસ્તે જવું નહિં.

વપરાતી કૂંચી હમેશ ઉજળી.

વાડ વિના વેલો ન ચડે.

વાધરી સારૂ ભેંશ મારવી.

કૂકડા હોય તો જ કાંઈ વ્હાણું વાય?

કુણું ઝાડ વાળીએ તેમ વળે.

કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં.

ગરજે ગધેડાને કાકો કહેવો પડે.

ગામને મોઢે કાંઇ ગરણું બંધાય?

ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય.

ઘર વેચીને તીર્થ કરવા જવું.

ઘેરઘેર માટીના જ ચૂલા.

ચેતતો નર સદા સુખી.

ચોરની ગત ચોર જાણે.

ટાઢે પાણીએ ખસ ગઇ.

ઠોકર ખાતાં હુશિયાર થાય.

ઠોઠ નિશાળીઆને વતરણાં ઝાઝાં.

ડુંગળીમાં એલચીનો સા આવે નહિ.

ઢોલ વાગે તે ઢાંકયું રહે નહિ.

તેજી ઉપર ચાબુક નહિ.

દગા કિસીકા સગા નહિ.

દળ્યાનું દળામણ આપે તેમાં પાડ શાનો ?

દીકરા આવ્યાની નવાઇ નથી,
    જીવ્યાની નવાઈ.

ધરમની ગાયના દાંત શા જોવા ?

ધોબીના ઘરમાં ખાતર પડે તો ઘરાકનું જાય.

ચાર ભાઈ મિલકે બેઠે વહાં ધોલકા.

નગારખાનામાં તૂતીનો અવાજ કયાંથી
    સંભળાય ?

નાક વાઢીને અપશુકન કરવા.

નેવના પાણી મોભે જાય નહિ.

અકરાની માનતા સૌ કરે, વાઘની કોઇ કરે?

સૌ જશે પણ સૌનો પાલનહાર જશે નહિ.

સોરંગી જેમ ફૂટે તેમ રંગ કાઢે.

સો સો ચૂએ મારકે બિલ્લી ચલી હજકું.

હાથીએ હાથી લડે ને વચ્ચે ઝાડનો ખો.

હૈયું આળ્યા કરતાં હાથ આળ્યા સારા.

આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય.

ઘાટઘાટનાં પાણી પીએ ત્યારે ઘડાય.

ખડને ગાડે ગોળપાપડીનું ભાતું હોય નહિ.

અંબાડીમાં બેસી છાણાં વીણાય નહિ.

પોતે વાદી, પોતે ફરિયાદી
ને પોતે ન્યાય ચૂકાવે.

ભૂખ્યો બ્રાહ્મણ ને ધરાયા કણબીને
છેડવા નહિ.

ગધેડાનું પૂછડું, પકડયું તે પકડયું.

મીયાંભાઇનું નાડું, ઝાલ્યું તે મૂકે નહિ.

રંગનાં કુંડાં ન હોય, ચટકા હોય.

લપસી પડ્યા તો કહે દેવને નમસ્કાર કર્યા.

લાપસી જીભે પીરસવી ત્યારે
મોળી શી પીરસવી ?

વાટયું ઓસડ ને મુંડ્યો જોગી,
એની જાતભાત કોઈ જાણે નહિ.

શીંગોડું શણગાર્યું પણ જમવાનું તેડું
ન આવ્યું.

સુખડ ઘાસે, ઓરશિયો ન ઘાસે.

સૂંઠને ગાંગડે ગાંધી થવાય નહિ.

સૂંઠ સૂંઠ તો ભૂપતસિંહની મા ખાઇ ગઈ,
હવે તો કૂચા રહ્યા છે.

સૂરજ સામી ધૂળ નાખીએ તો આંખમાં પડે.

લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે
મ્હોં ધોવા ન જવું.

આપ સમાન બળ નહિ,
મેઘ સમાન જળ નહિ.

આવ સુહાગન લડકી,
તેરા પડીયા કાજ.

આગ જલે તો જલકું કહું,
જલ જલે તો કિસકું કહું ?

ઉતાવળા સો બાવરા,
ધીરા સો ગંભીર.

ઉદય પછી અસ્ત,
ને અસ્ત પછી ઉદય.

ઉપરકી તો અચ્છી બની,
ભીતરકી તો રામ જાને.

ધણીને સૂઝે ઢાંકણીમાં,
પાડોશીને અરીસામાંયે ન સૂઝે.

ફૂટે મેં પાંવ, તૂટે મેં શિર,
બીચમેં મેરા ચાંદભાઈ.

બેસીએ જોઇ
તો ઉઠાડે નહિ કોઈ.

ભસતા કૂતરા કરડે નહિ,
ગાજ્યા મેઘ વરસે નહિ.

મનમાં આવે તે બોલવું નહિ,
ભાવે તેટલું ખાવું નહિ.

૧૯૮૪૭

મા મૂળો ને બાપ ગાજર,
તેના દીકરા સમશેર બહાદર.

ધણી વિનાનાં ઢોરૂ
ને માવતર વિનાનાં છોરૂ.

ચાર દિવસનું ચાંદરણું
ને રાત અંધારી ઘોર.

જન્મના જોગીદાસ
ને નામ પાડયું ભિખારીદાસ.

જેનું કામ તે તેથી થાય,
બીજા કરે તે ખત્તા ખાય.

દરિયામાં રહેવું
ને મગર સાથે વેર.

દિગંબરનું ગામ,
ધોબીનું શું કામ ?

દુનિયા ઝુકતી હૈ,
ઝુકાનેવાલા ચાહીએ.

ગાય બકરાના વાડા,
સિંહના વાડા ન હોય.

ન ખાય તેને ખાખા કરે,
ખાય તેને આઘો કરે.

ઉધાર તો કહે 'ઓ' ને ખૂણે બેસી રો;
નગદ તો કહે 'જી', ખા ખીચડી ને ઘી.

આવો ઉક્યો બગલમાં હાથ
ને જ્યાં પડ્યા ત્યાં જગન્નાથ.

પત્તેકી રોટી ઓર પાનીકા ઘી બની જાય,
તો બંદા ઝબોળ ઝબોળકે ખાય.

માથે મૂકીને મૂકવા જાય
ને રહો રહો રાંદેલ ગાતી જાય.

કાજીની કૂતરી મરી ત્યારે આખું ગામ આભડ્યું,
કાજી મરી ગયા ત્યારે કોઈ નહિ.

શેઠની પૂંઠે ફોલ્લી થઇ,
પંપાળીને મોટી કરી.

સઇનો દીકરો,
જીવે ત્યાં સુધી સીવે.

હાલ જાય, હવાલ જાય,
બંદેકા ખ્યાલ ન જાય.

ધણી વિનાનાં ઢોર,
ન મળે ખીલો કે ન મળે દોર.

કયા કરે નર બંકડા,
કે થેલીકા મોં સંકડા.

વાતે પાપડ, વાતે વડી,
વાતે વહુ ગધેડે ચડી.

કરવી ખેડ તો જોડ ગાડું;
કરવી વડવાઢ તો બોલ આડું.

ગરીબ બોલે તે ટપલા પડે
ને મોટા બોલે ત્યારે તાળીઓ પડે.

ઘરના ઉઠ્યા વનમાં ગયા,
વનમાં ઉઠી લાય.

ઘરમાં બિલાડીથી બ્હીએ
ને બહાર વાઘ મારે.

ઘરમાં ટકાના ત્રણ શેર
ને બહાર તિસ્માર ખાં.

ચલને દો ભાઇ ચલને દો,
સાંઇકા ટટ્ટુ ચલને દો.

ઓછું પાત્ર ને અદકું ભણ્યો,
વઢકણી વહુએ દીકરો જણ્યો.

આંધળા સાથે મૈત્રી,
તે લેવા જવું ને મૂકવા જવું.

કજીયાનું મૂળ હાંસી
ને રોગનું મૂળ ખાંસી.

કણબી પાછળ કરોડ,
કણબી કોઇની પાછળ નહિ.

કપાળે કપાળે જૂદી મત,
પણ રોટલાટાણે એકમત.

સતી ગાળ દે નહિ
ને શંખણીના શાપ પડે નહિ.

ઉનું ખાતાં મોઢું દાઝયું
તે કોને કહેવું?

એવા પોચા પાણા નથી
કે શિયાળ કરડી ખાય.

કાલ કરે સો આજ કર,
આજ કરે સો અબ.

કીડીને કણ ને હાથીને મણ,
પરમેશ્વર આપી રહે.

કોણ વસ્યું ને કોણ વસે,
ધરતી બેઠી હસે.

ઘાનનું માથું નીચું જુએ,
ડાંગનું માથું ઉંચું જુએ.

મુખમેં રામ, બગલમેં છૂરી;
ભગત થયા પણ દાનત બૂરી.

માંડ અસવાર ને મોડા ચડે,
માંડ કમાઉ ને મોડા ઉઠે.

લોભે લક્ષણ સઘળાં ધૂળ,
લોભ પાપ સઘળાનું મૂળ.

વરને પરણ્યાનો લોભ,
    જાનૈયાને જમ્યાનો લોભ.

વર મરો, કન્યા મરો,
    ગોરનું તરભાણું ભરો.

એવો ભોળો
    કે મૂકી જાય ગાગર
    ને લઈ જાય ગોળો.

એવો સાચો
    કે જ્યાં બોલે ત્યાં
    ખાય તમાચો.

ઘાણીનો બળદ,
    આખો દિવસ ફર્યો
    પણ ઠેરનો ઠેર.

લક્કડ કે લડ્ડુ,
ખાયગા વો પસ્તાયગા;
નહિ ખાયગા વો ભી પસ્તાયગા.

ઊંટે કર્યા ઢેકા તો માણસે કર્યાં કાઠાં.

અંધા આગળ આરસી ને બેરા આગળ ગાન.

કાંત્યાં તેનાં સૂત ને જાયા તેના પૂત.

ગાણું ગરાશિયાનું, ખાણું વાણીયાનું.

ગોપીચંદન ને ગેરૂ તે ભાંગ્યાના ભેરૂ.

ઘંટીના સો ફેરા ને ઘંટનો એક ફેરો.

છાશ લેવા જવું ને દોણી સંતાડવી.

જ્યાં મળ્યું ખાવા ત્યાં બાવાજી બેઠા ગાવા.

જીભને વારજે નહિતર જીભ દાંત પડાવશે.

જેણે રસ્તે ચડાવ્યા તેનો ખરો પાડ.

સરખે સરખા મળ્યા ને ભવના ફેરા ટળ્યા.

ટકે શેર ભાજી, ટકે શેર ખાજા.

ટપટપનું શું કામ, મંમંનું કામ.

ડાહીઆને બોલાવો ને ખીરમાં મીઠું નખાવે

નાને ભડકે દીવાળી, મોટે ભડકે હોળી.

એક દીવે દીવાળી ને ઘણે દીવેયે દીવાળી.

નાને જમણે જમણવાર, મોટે જમણે શંભુમેળો.

પારકી પૂંજીએ તહેવાર, ઉઠ જમીએ બે વાર

પાસો પડે તે દાવ ને રાજા બોલે તે ન્યાય.

પેટમાં તે પેટમાં ને હોઠ બહાર તે કોટ બહાર

બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા.

બાંધી મૂઠી લાખની, ઉઘાડી વા ખાય.

માણુસ માણુસમાં આંતરો,
    એક ઝવેર ને બીજો કાંકરો.

શૂરા આચારે તો વેરી ઘા વખાણે.

વનને સિંહનો આશ્રય, સિંહને વનનો આશ્રય

ાંડણીમાં માથું ને ધબકારાથી બ્હીવું ?

ભૂખે ભડકું ભાવે ને ઊંઘ ઉકરડે આવે.

કરેગા સો પાવેગા, વાવેગા સો લણેગા.

દોરડીએ છેદાય છે પાકા કાળા પાણ.

નવ નેવાં પાણી ચડે, પત્થર ન ભીંજે કોર.

માણુસ જોઇએ વસીને, સોનું જોઇએ કસીને.

ગરજ સરી અમારી, શી પરવા તમારી ?

દી વાળે તે દીકરા, છો વાળે તે છોકરા.

ટૂંકું ને ટચ ને મધથી મીઠું.

તોલ્યો ઘોડો હઠે, બોલ્યો બોલ ન હઠે.

તારી વાત ગઈ ને મારી રાત ગઇ.

ગુરુ આંધળા તેના ચેલા ભીંત.

દાતારી દાન કરે, ભંડારી પેટ કૂટે.

પોદળો પડ્યો તે ધૂળ લઇ ઉખડે.

રૈયત રાજા વડે, રાજા રૈયત વડે.

ખેતર રાખે વાડને, વાડ રાખે ખેતરને.
રોટલા આપે તે તમાચો પણ મારે.
બળિયા સાથે બાથ તે નબળો ઘાસે.
સમુદ્ર સરખા સખા ને અલૂણું ખાવું ?
ઉનાળે સુકા નહિ ને ચોમાસે લીલા નહિ.
પાણી તારો રંગ કેવો ? જેમાં ભળું તેવો.
માણસ તો બધાં સારાં:
કોઈ કોઈને ને કોઈ કોઈને.

માસ્તર,
હાથમાં છત્તર ને ખીસામાં પત્થર.

મુંબઈ માવલી,
કમાય રૂપીઆ ત્યારે પલ્લે રહે પાવલી.
ધર્મ તરે ને તારે, પાપ બુડે ને બુડાડે.
ઘણાવાળાને ઘણી લાય, છતે ઘીએ લૂખું ખાય.
ઘર ઉખેળી જુઓ ને વિવાહ માંડી જુઓ.

એક કાગડો મરે ને સો ગાયનાં શિંગ ઠરે.
ઊંટ મરે ત્યારે મારવાડ સામું જુએ.
ચૌદ જાણે તેને ચાર જાણનારો શું શીખવે ?
ચંદરવો બાંધવા સૌ આવે, છોડવા કોઈ ન આવે.
જૂઠની આવરદા બહુ બહુ તો સાડા ત્રણ દહાડા.
દાતા દાન કરે ને ઉપર વિનય કરે.
પગ તળે બળે તે જુએ નહિ ને લંકા ઓલવવા જાય.
પરણ્યા નહિ હોઇએ પણ પાટે તો બેઠા હઇશું.
પરમેશ્વરે દાંત આપ્યા તે ચાવણું આપશે.
દોઢ ડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય.
બિલાડીને કહે છીકું તૂટતું નથી.
ભર્યા ચરૂમાં દાણો ચાંપીને જોવાય.
ભીખ, ભારો ને ભણતર, સવારમાં સારાં.
માથું સોંપ્યા પછી નાક કાનની અધીર શી ?
રોગ આવે ત્યારે ઘોડાવેગે, જાય ત્યારે કીડીવેગે.

KS/121 Blue

# અઘરા શબ્દો

લપોડ=મૂર્ખો:ઓજ વગરનો.

ઋણ=દેવું.

તર=સરસ: માલદાર.

કટક=લશ્કર.

ટાણું=અવસર: વખત

દમડી=પૈસો.

પરોણો=મહેમાન.

ભોરિંગ=સાપ: નાગ.

ચંગા=ચોકખું; સાફ.

ગરથ=પૈસો: ધન.

પાડ=ભાવ.

ગત=અવસ્થા: દશા.

સા=ગંધ: વાસ.

તેજી=ઘોડો.

દિગંબર=નાગા: દિશા એ જ લુગડાં છે એમ ગણવાવાળા.

ઠેર=અસલ ઠેકાણે.

તોજો=તારો.

મોજો=મારો.

સખા=મિત્ર.

અલૂણું=મીઠા વિનાનું.

પલ્લું=છેડો.

૧૯૮૪૭